નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી

પોરબંદરમાં વરસાદી સમસ્યાઓ વચ્ચે યોજાશે પાંચ દિવસ જન્માષ્ટમીનો મેળો

● પોરબંદર, તા.૩૦

જન્માષ્ટમી નજીક આવી રહી છે. ત્યારે પોરબંદર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને જન્માષ્ટમી મેળા અંગે મીટીંગ યોજાઈ હતી. પોરબંદર છાયા સંયુકત નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ચોપાટી મેદાન ખાતે આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન અંગે જાહેર કરવામાં આવ્યું છે.હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે ગત તારીખ ૧૮ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી પોરબંદર શહેરમાં વરસાદે કહેર વર્તવ્ય હતો. અંદાજિત ૪૦ ઈંચ જેટલો વરસાદ અત્યાર સુધીમાં પોરબંદરમાં પડ્યો છે. ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ઘૂસ્યા હતા. અને અનેક પરિવારોની પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે. માંડ માંડ આ પરિસ્થિતિમાંથી બહાર આવે ત્યારે પોરબંદર જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીના અધ્યક્ષતામાં એક મીટીંગ યોજાઈ હતી જેમાં આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન જાહેર કરવામાં આવ્યું છે. ચોપાટી ગ્રાઉન્ડ ખાતે આ યોજાના છે ત્યારે મેળા કમિટીમાં પોરબંદર છાયા સંયુક્ત નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી લોકોને ભારે હાલાકી ન થાય અને શાંતિથી મેળો માણી શકે તે માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

પ્રાંત અધિકારી સંદીપ જાદવના જણાવ્યા અનુસાર, જિલ્લા કલેકટર કેડી લાખાણી ના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે અને પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ એક કમિટી રચવામાં આવી છે જે મેળાનું સંપૂર્ણ સંચાલન કરશે અને આ મેળામાં રાજકોટની આગની ઘટનાને ધ્યાને લઈ સેફટી સિક્યુરિટી અને લોએન ઓર્ડરનું ખાસ ધ્યાન રાખવામાં આવશે આ ઉપરાંત વધુ ભીડ ના થાય તે માટે સ્ટોલની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને રસ્તાઓની પહોળાઈ ૫૦ થી ૧૦૦ ફૂટ રાખવામાં આવશે આ ઉપરાંત ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને આખા ગ્રાઉન્ડમાં છ ગેટ છે જે લોકોની અવરજવર માટે તૂટતા છે આ ઉપરાંત ફાયર સેફટી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે જ્યાં જ્યાં સ્ટોલ હોય છે ત્યાં આગ લાગવાની સંભાવના વધુ હોય છે ત્યારે ત્યાં ફાયર સેફટી સાધનો ઉપલબ્ધ રાખવામાં આવશે આ ઉપરાંત ફાઈનલ મેપ તૈયાર થઈ ગયા બાદ સ્ટોલ અને ચગડોળ ની હરાજી ની તૈયારી શરૂ કરવામાં આવશે. એક તરફ પોરબંદરમાં વરસાદે કહેર વરસાવ્યો છે. અનેક વિસ્તારોના ઘરોમાં હજુ સુધી પણ પાણી ભરાયા છે ત્યારે અનેક સામાન્ય પરિવારોની હાલત ખરાબ છે અને આર્થિક રીતે પણ નુકસાની થઈ રહ્યું છે. આવા સમયે મેળાનું આયોજન કરવું તે ઉચિત ન ગણતા અનેક લોકોએ પાર્ષનો કર્યા છે. સોશિયલ મીડિયામાં પણ મેળો રદ કરવા અને મેળાનું આયોજન ન કરવાના સૂચનો કરવામાં આવી રહ્યા છે. છતાં આ મેળાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે હવે આ મેળો કયા પ્રકારે થશે તેને લઈને લોકોમાં અનેક ચર્ચા થઈ રહી છે.

કપરાડામાં ૪.૫ અને વાપીમાં ૩.૫ ઇંચ વરસાદ, વાંસદાનો કેલીયા ડેમ ઓવરફ્લો

● વલસાડ, તા.૩૦

વલસાડ જીલ્લામાં મેઘરાજાએ બે દિવસના વિરામ બાદ ફરી બેટીંગ શરૂ કરતા સોમવારે સરેરાશ ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેમાં સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધીમાં જ નોંધપાત્ર વરસાદ પડયો હતો. કપરાડામાં ૪.૫ ઈંચ, વાપીમાં ૩.૫ ઈંચ સહિત સર્વત્ર વરસાદ પડયો હતો. સંઘપ્રદેશમાં ગત ૩૩ કલાકમાં દમણમાં ૨ ઈંચ અને દા.ન.હવેલીમાં ૪ ઈંચ વરસાદ પડયો હતો.દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદના લીધે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની જીવાદોરી સમાન કેલીયા ડેમ સોમવારે ઓવરફલો થયો હતો. જેથી નીચાણવાળા ૨૩ ગામોને એલર્ટ કરાયા છે. જ્યારે જુજ ડેમ ૯૦ ટકા ભરાતા ૨૫ ગામોને એલર્ટ કરાયા છે. જોકે, ડેમ ઓવરફલો થતા ખેડૂતોમાં ખુશાલી છવાઈ છે.

વાંસદા તાલુકાની જીવાદોરી સમાન જુજ અને કેલીયા ડેમ પૈકી સોમવારે સવારે ૯ કલાકે કેલીયા ડેમ તેની ૧૧૩.૪૦ મીટરની સપાટી પરથી ૦.૦૫ મીટરથી ઓવરફલો થયો હતો. જયારે તાલુકાના બીજા જુજ ડેમમાં ઓવરફલોની સપાટી ૧૯૭.૫૦ મીટરની છે. સોમવારે સાંજે ૪ કલાકે પાણીની સપાટી ૧૯૪.૪૦મીટર ★પર પહોંચતા ડેમ ભરાવામાં માત્ર ૧.૧૦ મીટર બાકી છે. આમ જુજ ડેમ ૯૦ ટકા અમરાયો છે. વાંસદા તાલુકાનો કેલીયા ડેમ ઓવરફલો થતા નીચાણવાળા ૨૩ ગામોને હાઈ એલર્ટ કરવામાં આવ્યા છે.

ટ્રેન નંબર ૨૨૯૬૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસના સમયમાં ફેરફાર

● અમદાવાદ

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર ૨૨૯૬૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, પરિચાલન થી જોડાયેલા કારણોસર, ટ્રેન નંબર ૨૨૯૬૧ના સમયમાં ૨૪ ઓગસ્ટ, ૨૦૨૪ થી સુધારો કરવામાં આવ્યો છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

ટ્રેન નંબર ૨૨૯૬૧ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસઃ

સ્ટેશન	વર્તમાન સમય	સુધારેલ સમય
મુંબઈ સેન્ટ્રલ	15.55	15.45
બોરીવલી	16.20/16.23	16.10/16.13
વાપી	17.43/17.45	17.40/17.42
સુરત	18.43/18.48	18.38/18.43
વડોદરા	20.16/20.19	20.11/20.14
અમદાવાદ	21.25	21.15

કુખ્યાત દારૂના દાણચોર પર પાર્ટી કરવા અને તેને તેના ઘરે મૂકવાના આરોપમાં પોલીસકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો

● અમરેલી, તા.૩૦

ગુજરાતમાં દેશની સૌથી જૂનો દારૂબંધી છે. તેનો અમલ કરવાની જવાબદારી ગુજરાત પોલીસના ખભા પર છે પરંતુ તાજેતરમાં બનેલી ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જે બાદ સવાલ એ ઉઠી રહ્યો છે કે ગુજરાતમાં આ કેવી દારૂબંધી છે? જ્યાં પોલીસ જ દારૂબંધીનો ભંગ કરી રહી છે. એક કેસમાં પોલીસકર્મી પોતે જ નશામાં ધૂત જોવા મળ્યો હતો, જ્યારે અન્ય એક કેસમાં પોલીસકર્મી એક કુખ્યાત દારૂના દાણચોરને જેલમાં લઈ જવાને બદલે બોલીવુડ ફિલ્મના દ્રશ્યની જેમ પાર્ટીમાં લઈ ગયો હતો. આ કિસ્સાઓ પછી સવાલ ઉઠી રહ્યો છે કે ડ્રાય સ્ટેટ (પ્રતિબંધ ધરાવતું રાજ્ય)માં આટલો દારૂ ક્યાંથી આવે છે કે પોલીસકર્મીઓ પણ ખુલ્લેઆમ પાર્ટી કરતા પકડાઈ રહ્યા છે.અમરેલી જિલ્લાના કુખ્યાત દારૂની હેરાફેરી કરનાર ધીરજ કરિયાને ગાંધીનગરની સ્થાનિક કોર્ટમાં લઈ જવાનો હતો. તેને કોર્ટમાં રજૂ કરવાની જવાબદારી બે પોલીસકર્મીઓને મળી હતી. કરીયાને કોર્ટમાં રજૂ કર્યો હતો. આ પછી બંને પોલીસકર્મીઓ તેને જેલમાં લઈ જવાને બદલે જૂનાગઢ સ્થિત તેના ઘરે છોડી ગયા હતા. અમરેલીના પોલીસ અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું છે કે પોલીસકર્મીઓએ દારૂની હેરાફેરી કરનાર પ્રત્યે નમ્રતા દાખવી હતી. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે રેસ્ટોરન્ટના માલિકે ૨૪ જુલાઈની રાત્રે તેની હોટલમાં હંગામો કરવા બદલ બે અજાણ્યા લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

બંને કોન્સ્ટેબલોએ ખાવાનું મંગાવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ બંને કોન્સ્ટેબલો ધીરજ કરીયાને તેના ઘરે મૂકીને ભોજન લેવા આવ્યા હતા. અહીં તેમણે દારૂ પણ પીધો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે જ્યારે વેઈટરે દારૂ પીરસવાની ના પાડી તો તેઓએ ઝઘડો કર્યો અને તેને ધમકી આપી. ફરિયાદની તપાસ કરતી વખતે, પોલીસે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા અને તેની પુષ્ટિ થઈ. એક કુખ્યાત દારૂના દાણચોર પર પાર્ટી કરવા અને તેને તેના ઘરે મૂકવાના આરોપમાં પોલીસકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બંને આરોપીઓ કોન્સ્ટેબલ રણજીત વાઘેલા અને નીતિન બાંભણિયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. તેણે આરોપીને તેના પરિવારને મળવાનો સમય આપ્યો. જૂનાગઢ પોલીસે વાઘેલા અને તેને દારૂ પુરો પાડનાર વ્યક્તિની ધરપકડ કરી હતી.

જામનગરમાં સોની કામ કરી ગુજરાન ચલાવતા યુવકને અરવલ્લીના શખ્સે રૂા.૩૧.૧૧ લાખનો ધુંબો માર્યો

● જામનગર તા.૩૦

જામનગરના સીટી સી ડિવિઝન પોલીસ મથકે છેતરપિંડીની ચોંકાવનારી ફરિયાદ નોંધાય છે. જેમાં જકાતનાકા પાસે રહેતા અને સોની કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા યુવાનને અરવલ્લીના શખ્સે ૩૧.૧૧ લાખનો ધુંબો માર્યો હોવાનું સામે આવ્યું છે. યુવાનને કાર લેવી હોવાથી એકાદ વર્ષનું વેટિંગ હતું ત્યારે આરોપીએ ગાંધીનગરમાં મારી ઓળખાણ છે અને તમને ૧૫ દિવસમાં કાર અપાવી દઈશ. તેવી મોટી મોટી વાતો ઝીંકી જુદા જુદા સમયે ૩૧.૧૧ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. ત્યારબાદ કાર અને રૂપિયા ન આપી હાથ ઊંચા કરી દેતા છેતરપિંડીનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. હાલ આ મામલે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.આ અંગે જામનગરના જકાતનાકા વિસ્તારમાં રાજ રાજેશ્વરી સોસાયટીની શેરી નંબર ત્રણમાં રહેતા પુરુષોત્તમભાઈ ત્રીકમભાઈ કણજારીયા નામના ૪૫ વર્ષીય યુવાને આરોપી હર્ષદ નટવરલાલ ચૌહાણ (રહે મોડાસા જિલ્લો અરવલ્લી) સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર પુરુષોત્તમભાઈને આજથી ત્રણ વર્ષ પહેલા હર્ષદ નટવરલાલ ચૌહાણ ટેલીફોનીક વાતચીત થઈ હતી. બાદમાં મિત્રતા થઈ હતી. જેમાં પુરુષોત્તમભાઈને મહિન્દ્રા કંપનીની કાર -૭૦૦ મોડલની કાર ખરીદવી હતી અને જામનગર મહિન્દ્રાના શો રૂમમાં એકાદ વર્ષનું વેઈટીંગ હતું.જ્યારે યુવાનને ઉતાવળ હોવાથી હર્ષદ નટવરલાલ ચૌહાણને વાત કરી હતી. ત્યારે આરોપીએ કહ્યું હતું કે કાર ખરીદવી હોય તો ગાંધીનગર ખાતેના પરમ ઓટો મોબાઈલમાં પંદર દિવસમાં મળી જશે.

APAR Industries Limited

(CIN : L91110GJ1989PLC012802)

Registered Office : 301, Panorama Complex, R. C. Dutt Road, Vadodara - 390 007 (Gujarat), India.
Tel. No. : (+91)(265) 6178700, 6178709, 2339906 E-mail : com.sec@apar.com Website : www.apar.com

EXTRACT OF UN-AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2024

₹ in crore

Particulars	Consolidated		
	Quarter ended		Year ended
	30.06.2024	30.06.2023	31.03.2024
	(Reviewed)	(Reviewed)	(Audited)
Total Income from operations	4,010.52	3,767.09	16,152.98
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	270.39	263.15	1,105.86
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	270.39	263.15	1,105.86
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	202.54	197.43	825.12
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	229.27	136.78	806.15
Equity Share Capital	40.17	38.27	40.17
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year.	-	-	3,836.27
Earnings Per Share (Face Value of ₹ 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted (in ₹)	50.42	51.59	212.10

Notes :

1) The said Results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on July 30, 2024.

2) Additional information on Standalone financial results is as follows : ₹ in crore

Particulars	Quarter ended		Year ended
	30.06.2024	30.06.2023	31.03.2024
	(Reviewed)	(Reviewed)	(Audited)
Total Income from Operations	3,746.54	3,500.28	15,109.28
Profit before tax	262.36	258.48	1,099.41
Profit for the period	195.56	193.38	823.28
Total Comprehensive income (after tax)	222.17	132.94	802.33

3) The above is an extract of the detailed format of Statement of standalone and consolidated financial results filed with the Stock Exchanges pursuant to Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Statement of standalone and consolidated financial results are available on the Stock Exchange websites www.bseindia.com (Scrip Code - 532259) and www.nseindia.com (Scrip Symbol - APARINDS) and on Company's website www.apar.com.

For APAR Industries Limited
Sd/-
Kushal N. Desai
Chairman & Managing Director
DIN : 00008084

Place : Mumbai
Date : 30th July, 2024

ટ્રેન નં.ના સમયમાં રિવિઝન. ૨૨૯૬૧ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ W.E.F 24.08.2024



સ્ટેશન	સુધારેલ આગમન	સુધારેલ પ્રસ્થાન
મુંબઈ સેન્ટ્રલ	-	૧૫.૪૫ કલાક
બોરીવલી	૧૬.૧૦ કલાક	૧૬.૧૩ કલાક
વાપી	૧૭.૪૦ કલાક	૧૭.૪૨ કલાક
સુરત	૧૮.૩૮ કલાક	૧૮.૪૩ કલાક
વડોદરા	૨૦.૧૧ કલાક	૨૦.૧૪ કલાક
અમદાવાદ	૨૧.૧૫ કલાક	-

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને આના પર લાઇક કરો: facebook.com/WesternRly
અમને આના પર અનુસરો: X.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ID પ્રૂફ સાથે રાખો

INTEGRA SWITCHGEAR LIMITED

Regd.Office: 102, Gharonda Appts, Indira Marg, Navapura, Vadodara, Gujarat. India - 390010
Tel 9824255488 E-mail : integra.pankajvora@gmail.com Website:-www.integraindia.com
CIN :L29130GJ1992PLC18684O2

UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER ENDED 30.06.2024 [Rs In Lacs]

Sr. No.	Particulars	QUARTER ENDED 30-06- 2024 (Unaudited)	QUARTER ENDED 31-03- 2024 (Audited)	QUARTER ENDED 30-06- 2023 (Unaudited)	YEAR ENDED 31-03-2024 (Audited)
1	Total Income	1.83	3.53	-	5.19
2	Total Expenses	4.66	3.51	4.89	20.01
3	Profit/(Loss) from ordinary activities after Finance costs but before exceptional items	(2.83)	0.02	(4.89)	(14.82)
4	Exceptional items		-		(6.65)
5	Profit (+)/Loss(-) before tax	(2.83)	0.02	(4.89)	(21.47)
6	Profit(+)/Loss(-) for the period from continuing operations	(2.83)	0.02	(4.89)	(21.47)
7	Profit(+)/Loss(-) from discontinued operations (after tax)				-
8	Profit(+)/Loss(-) for the period	(2.83)	0.02	(4.89)	(21.47)
9	Total Comprehensive Income	-	-	-	-
10	Paid up equity share capital(face value Rs.10 per share) EQUITY Shares Nos. 28.16 Lacs	288.16	288.16	288.16	288.16
11	Earning per share (for discontinued &continiuing operations) a. Basic -Rs. b. Diluted -Rs.	(0.10)	0.00	(0.17)	(0.75)

The above result as reviewed by the Audit committee, has been approved at the meeting of the Board of Directors of the Company held on 29/07/2024

The figures for the quarter ended 30-06-2024 and 31-03-2024 in respect of the full year financial year and the published year to date figures upto 30-06-2023 and 31-03-2024 subjected to limited review by the auditor of the respective financial year.

The above is an extract of the detailed format of Quarterly Financial results filed with BSE under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulations 2015. The full format of the Quarterly financials is available on www.bseindia.com and on the Company's website www.integraindia.com.

Place : VADODARA
Date : 29/07/2024

For Integra Switchgear Limited
jagesh Doshi (DIN: 00259347) Independent Director

Styrenix Performance Materials — સ્ટાયરેનિક્સ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ

(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)

CIN: L25200GJ1973PLC002436

રજી. ઓફિસ : ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩.
ફોન નં. : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

E-mail : secshare@styrenix.com Website : www.styrenix.com

૫૧મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ તથા ઈ-વોટિંગ માટેની માહિતી

આથી નોટિસ આપવામાં આવે છે કે, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦, ૧૦/૨૦૨૨ અને ૦૯/૨૦૨૩ અનુક્રમે તા. મે ૦૫, ૨૦૨૦, ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ અને સપ્ટેમ્બર ૨૫, ૨૦૨૩ અને અન્ય લાગુ પરિપત્રો ("એમસીએ" પરિપત્રો) તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી કરાયેલ અન્ય લાગુ પરિપત્રોના વંચાણ સાથે, કંપનીની **૫૧મી વાર્ષિક સાધારણ સભા ("એજીએમ") બુધવાર, ઓગષ્ટ ૨૧, ૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૩૦ વાગે** એજીએમ અંગે જાણ કરતી નોટિસમાં ઉલ્લેખ કરેલ વ્યવસાયો અંગે વિચારણા અને વ્યવહાર કરવા **વિડીયો કોન્ફરન્સિંગ ("વીસી") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ("ઓએવીએમ")** મારફતે યોજવામાં આવશે.

વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં ભાગ લઈ રહેલા સભ્યોની સંખ્યાને કંપની અધિનિયમ, ૨૦૧૩ના સેકશન ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણવામાં આવશે.

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના વાર્ષિક અહેવાલની સાથે સાથે ૫૧મી એજીએમની નોટિસ એ તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ મારફતે મોકલી દેવામાં આવેલ છે જેઓના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરીઓ પાસે નોંધાયેલા છે અને સંબધિત રવાનગી જુલાઈ ૩૦, ૨૦૨૪ ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે.

સભ્યોને જાણ થાય કે સદર નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.styrenix.com, સ્ટોક એક્સચેન્જીસ, એટલે કે બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ની વેબસાઈટ્સ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર તેમજ રિમોટ ઈ-વોટિંગનું, એજીએમ દરમિયાન ઈ-વોટિંગનું અને વીસીનું સંચાલન કરવા માટે નિયુક્ત કરાયેલ એજન્સી નેશનલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

કટ-ઑફ તારીખ ઓગષ્ટ ૧૨, ૨૦૨૪ ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો એનએસડીએલની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ("રિમોટ ઈ-વોટિંગ") મારફતે, એજીએમની નોટિસમાં નિર્ધારિત વ્યવસાયો પર પોતાના મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટેની તક ધરાવશે.

તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે :

i. રિમોટ ઈ-વોટિંગ **ઓગષ્ટ ૧૮, ૨૦૨૪** ના રોજ ભારતીય સમય **સવારે ૯.૦૦ વાગે** શરૂ થશે ;

ii. રિમોટ ઈ-વોટિંગ **ઓગષ્ટ ૨૦, ૨૦૨૪** ના રોજ ભારતીય સમય **સાંજે ૫.૦૦ વાગે** પૂર્ણ થશે, જેના પછી એનએસડીએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ અક્ષમ બનાવવામાં આવશે અને રિમોટ ઈ-વોટિંગ સદર સમય બાદ કરવા દેવામાં આવશે નહીં;

iii. કોઈપણ વ્યક્તિ જે વાર્ષિક અહેવાલ મોકલી દીધા બાદ કંપનીના સભ્ય બને છે અને કટ-ઑફ તારીખે શેર ધરાવે છે, તે evoting@nsdl.com પર અનુરોધ મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

ઈલેક્ટ્રોનિક માધ્યમો મારફતે મતદાન

- ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં, ભૌતિક સ્વરૂપમાં અને સભ્યો કે જેઓએ પોતાના ઈમેલ એડ્રેસ નોંધાવેલ નથી તેમને રિમોટલી વોટિંગ (રિમોટ ઈ-વોટિંગ) કરવાની પદ્ધતિ, એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. સદર વિગતો કંપની, બીએસઈ, એનએસઈ અને એનએસડીએલની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ બનશે.
- ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ મારફતે ઈ-વોટિંગની સુવિધા એજીએમ દરમિયાન પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે. ફક્ત એ શેરધારકો, જેઓ વીસી / ઓએવીએમ સુવિધા મારફતે એજીએમમાં હાજર છે અને રિમોટ ઈ-વોટિંગ મારફતે ઠરાવ/વો પર પોતાનો મત આપ્યો નથી તથા જેઓને અન્યથા આવું કરવાથી અટકાવવામાં આવ્યા નથી, તેઓ એજીએમ દરમિયાન ઉપલબ્ધ ઈ-વોટિંગ સિસ્ટમ મારફતે મત આપવાને પાત્ર બનશે. જે સભ્યોએ પોતાનો મત રિમોટ ઈ-વોટિંગ મારફતે આપેલ છે તેઓ એજીએમ વખતે ફરીથી મત આપવાને હકદાર બનશે નહીં.
- સભ્યોને ઈ-વોટિંગ મારફતે મતદાન કરવા માટેના લૉગઈન ક્રેડેન્શિયલ્સ ઈમેલ મારફતે ઉપલબ્ધ બનાવવામાં આવશે. જે સભ્યોને ઈમેલ મળતો નથી અથવા જેમના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાયેલા નથી, તેઓ એજીએમની નોટિસ માટેની નોટ્સમાં આપેલી સૂચનાઓનું પાલન કરીને લૉગઈન ક્રેડેન્શિયલ્સ જનરેટ કરી શકે છે.
- સમાન લૉગઈન ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ વીસી / ઓએવીએમ મારફતે એજીએમમાં હાજર રહેવા માટે પણ થઈ શકે છે.
- સભ્યોને ૫૧મી એજીએમની નોટિસમાં નિર્ધારિત તમામ નોટ્સ, અને ખાસ કરીને એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમની કામગીરી દરમિયાન ઈ-વોટિંગ મારફતે મત આપવાની રીત ધ્યાનપૂર્વક વાંચી જવાની વિનંતી કરવામાં આવે છે.
- કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ ખાતે ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને શેરધારકો માટેનું ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ જોઈ શકો છો અથવા નં.: ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ પર કોલ કરી શકો છો અથવા evoting@nsdl.com પર અનુરોધ મોકલી શકો છો.

બોર્ડના આદેશ દ્વારા
સ્ટાયરેનિક્સ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે
સહી/-
ચિંતન દોશી
મેનેજર - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૩૦ જુલાઈ, ૨૦૨૪
સ્થળ : વડોદરા